પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૯૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૩-૦૪-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-


આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# અંધાધૂંધ ગોળીબાર અને બોમ્બ બ્લાસ્ટથી હચમચી ગયું ન્યૂયોર્ક : ૧૩ ઈજાગ્રસ્ત, હુમલાખોરોએ પહેર્યા હતા ગેસ માસ્ક





- ન્યૂયોર્કના સબવે મેટ્રો સ્ટેશન પર ફાયરિંગ.
- આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ.
- અનેક લોકો ઈજાગ્રસ્ત થયાં હોવાની આશંકા.
- અચાનક અંધાધૂંધ ગોળીબારને પગલે ભયનો માહોલ.
- સમગ્ર શહેરમાં હાઈ એલર્ટ જાહેર.
- શંકાસ્પદોએ ગેસ માસ્ક પહેર્યો હતો.

ન્યૂયોર્ક,

ન્યૂયોર્કના સબવે મેટ્રો સ્ટેશન પર ફાયરિંગ બાદ સમગ્ર શહેરમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો એવી પણ જાણકારી પ્રાપ્ત થયેલ છે શહેરના કેટલાક વિસ્તારોમાં બોમ્બ ધડાકા પણ થયાં છે.

પોલીસે લોકોને આ વિસ્તારમાં ન જવાની સલાહ આપી છે. અંધાધૂંધ ગોળીબારમાં ન્યૂયોર્ક ટાઈમ્સના મળતા અહેવાલ મુજબ ૧૩ લોકો ઘાયલ થયા હોવાની જાણકારી પ્રાપ્ત થયેલ છે. કહેવામાં આવી રહ્યું છે કે એક શંકાસ્પદને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, અચાનક થયેલા અંધાધૂંધ ગોળીબારને પગલે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો અને આ ગોળીબાર કોના દ્વારા અને કયા કારણોસર કરવામાં આવ્યો તે અંગે હજી સુધી જાણકારી પ્રાપ્ત થઈ નથી. જો પોલીસ એલર્ટ થઈ છે અને યુદ્ધના ધોરણે ઘાયલોને નજીકના દવાખાને પહોંચાડવામાં આવી રહ્યા છે. સમગ્ર ઘટના અંગેના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયાં છે.

ઘટના બાદ સમગ્ર શહેરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે અન્ય મેટ્રો સ્ટેશન તથા રેલવે વ્યવહાર પણ બંધ કરી દેવામાં આવ્યા છે.

સબવે સ્ટેશન પર જ્યારે મોટાભાગના લોકો તેમના કામ માટે જઈ રહ્યા હતા ત્યારે ગોળીબાર થયો હતો અને ત્યાં ઘણી ભીડ હતી. આ જ કારણ છે કે આ ફાયરિંગની ઝપેટમાં વધુ લોકો આવ્યા છે. ફાયરિંગની આ ઘટના બાદ ન્યૂયોર્કમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગોળીબાર કરનાર શંકાસ્પદ વ્યક્તિએ ગેસ માસ્ક પહેર્યો હતો અને તેણે સફાઈ કામદારના કપડા પહેર્યા હતા.

## અનેક લોકો બંદૂકધારીઓના શિકાર થયા

ફાયરબ્રિગેડ વિભાગનું કહેવું છે કે તેમને સ્ટેશન પર ધુમાડા માટે થયેલા એક કોલનો જવાબ આપ્યો અને ઘણાં લોકો બંદૂકધારીઓના શિકાર બન્યા. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલી તસવીરમાં અનેક લોકો જમીન પર લોહીથી લથપથ સ્થિતિમાં જોવા મળ્યા અને સિટીજન એપના ફુટેજમાં ઘટના સ્થળે મોટી સંખ્યામાં પોલીસ અધિકારી જોવા મળ્યા. સૂત્રોએ કહ્યું કે કેટલાંક લોકો ઘાયલ થયેલા લોકો જીવ બચાવવા બીજી ટ્રેનમાં કૂધાં.

# હિંમતનગરમાં ફરીથી હિંસા ભડકી, લોકોએ હિજરત શરૂ કરી

હિંમતનગર,

ગુજરાતમાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ડહોળવાની કોશિશ કરી રહ્યા છે. રામનવમીના દિવસે રાજ્યના ત્રણ જિલ્લા સાબરકાંઠા, આણંજ અને દ્વારકામાં કોમી વૈમનસ્ય ડહોળવાનો ગંભીર મામલો સામે આવ્યો હતો. હિમતનગરમાં રામનવમી નિમિત્તે યોજાયેલી શોભાયાત્રા પર પથ્થરમારો થયો હતો. જ્યાં મામલો બેકાબુ બનતા શહેરમાં ૧૪૪ કલમ લાગુ કરવામાં આવી હતી. હિંમતનગરમાં પોલીસ વિભાગનો વિવિધ કાફલો ખડેપગે રખાયો હતો. દિવસભર વાતાવરણ શાંત રહ્યા બાદ હિંમતનગરના વણઝારા વાસમાં ફરી હોબાળો થયો હોવાની ઘટનાએ ખળભળાટ મચાવ્યો છે.

આ ઘટનામાં જાણવા મળ્યું હતું કે, ગત મોડી રાત્રે અચાનક પથ્થરમારાનો બનાવ નોંધાયો હતો. દિવસભર વાતાવરણ શાંત રહ્યા બાદ હિંમતનગરના વણજારા વાસ તેમજ હસનનગરમાં તોફાન ફાટી નીકળ્યું હતું. જેમાં બે જૂથ સામસામે આવી જતા સ્થિતિ વણસી હતી. જેમાં અસામાજિક તત્વોએ પેટ્રોલબોમ્બથી હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

સાબરકાંઠા હિંમતનગરના ઘટનાને પગલે આરપીએફ સહિત પોલીસની ટીમ ગોઠવાઈ ગઈ હતી. ટોળાઓને છૂટા પાડવા માટે પોલીસે ૭થી વધુ ટિયર ગેસના સેલ છોડી સ્થિતિ નિયંત્રણમાં લીધી હતી. હાલ હિંમતનગરમાં પરિસ્થિતિ કાબુમાં છે. બીજી બાજુ પોલીસે ૧૦૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવામાં આવી છે. એટલું જ નહીં, અસામાજિક તત્વોએ વણઝારા વાસમાં આવેલ હસનનગર વિસ્તારમાંથી પેટ્રોલ બૉમ્બ ફેંકાયા હોવાની આશંકા સેવી છે. જેના પગલે ટોળાઓ સામસામે આવી જતાં સ્થિતિ તંગ બની હતી.

વણઝારા વાસના લોકો પલાયન કરી રહ્યા છે. સતત બે - ત્રણ દિવસથી વારંવાર થતા હુમલાઓથી લોકોમાં ભયનો માહોલ છે. જેના કારણે લોકો પોતાના માલ સામાન લઈને ઘર છોડી રહ્યા છે. બાળકો અને પરિવારને લઈને લોકો અન્ય જગ્યાએ શિફ્ટ થઈ રહ્યા છે. વણઝારા વાસના સાત થી આઠ ઘરમાં રહેતા પરિવારનો ઘર છોડીને જવા માટે મજબૂર થયા છે. હાલ હિંમતનગરમાં પરિસ્થિતિ કાબુમાં છે..પરંતુ લોકોને ગમે ત્યારે તેમના પર હુમલો થશે એવો ડર સતાવી રહ્યો છે અને એટલે જ પલાયન કરી રહ્યા છે.




"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY) હેઠળ રાજ્યના "રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળના ૭૦.૭૭ લાખ રેશનકાર્ડ ધારકોની ૩.૪૭ કરોડ જનસંખ્યાને વ્યક્તિદીઠ ૫ કિ.ગ્રા. વધારાના અનાજના જથ્થાનું તા.૧૩ એપ્રિલ-૨૦૨૨, બુધવારથી વિનામૂલ્યે વિતરણ

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY)ના પ્રથમ તબક્કાનો એપ્રિલ-૨૦૨૦ થી પ્રારંભ કરવામાં આવેલ

વર્ષ ૨૦૨૦-૨૧
એપ્રિલ ૨૦૨૦ થી નવેમ્બર ૨૦૨૦
પ્રથમ તબક્કો : એપ્રિલ ૨૦૨૦ થી જૂન ૨૦૨૦
બીજો તબક્કો : જુલાઈ ૨૦૨૦ થી નવેમ્બર ૨૦૨૦
એપ્રિલ થી નવેમ્બર મહિના એમ સતત ૮ માસ સુધી ૧૨.૭૦ લાખ મેટ્રિક ટન અનાજ અને ૪૯.૮૨ હજાર મેટ્રિક ટન ચણા/ચણાદાળનું વિનામૂલ્યે વિતરણ

વર્ષ ૨૦૨૧-૨૨
મે ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૨
ત્રીજો તબક્કો : મે ૨૦૨૧ થી જૂન ૨૦૨૧
ચોથો તબક્કો : જુલાઈ ૨૦૨૧ થી નવેમ્બર ૨૦૨૧
પાંચમો તબક્કો : ડિસેમ્બર ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૨
મે થી માર્ચ મહિના એમ સતત ૧૧ માસ સુધી ૧૮.૦૮ લાખ મેટ્રિક ટન અનાજનું વિનામૂલ્યે વિતરણ

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ને એપ્રિલ-૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.

એપ્રિલ ૨૦૨૨ માસના રાહતદરના નિયમિત જથ્થા ઉપરાંત વ્યક્તિદીઠ ૫ કિ.ગ્રા. વધારાના અનાજના વિનામૂલ્યે મળવાપાત્ર જથ્થાની વિગતો નીચે મુજબ છે.

ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ એમ કુલ ૭ જિલ્લા સિવાયના રાજ્યના ૨૬ જિલ્લા અને અમદાવાદ શહેર માટે

| ક્રમ | કેટેગરી | વસ્તુ | મળવાપાત્ર જથ્થો |
| --- | --- | --- | --- |
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા |
| ૨ | | ચોખા | વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા |

દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ એમ કુલ ૭ જિલ્લા માટે

| ક્રમ | કેટેગરી | વસ્તુ | મળવાપાત્ર જથ્થો |
| --- | --- | --- | --- |
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા |
| ૨ | | ચોખા | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા |

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

દેશના અન્ય રાજ્યોના N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અન્ન પુરવઠો મેળવી શકશે

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે

લાભાર્થી પોતાના કોઈપણ હાથના અંગુઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અનાજ મેળવી શકશે

MY RATION

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.
-શ્રી નરેશભાઈ પટેલ, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# ગુજરાત, રાજસ્થાન માટે વરસાદ ચિંતાનો વિષય બનશે : સ્કામેટે આગાહી કરી



નવીદિલ્હી,

હવામાન પૂર્વાનુમાન અને કૃષિ રિસ્ક સોલ્યુશનના ક્ષેત્રની અગ્રણી ભારતીય કંપની સ્કાઈમેટે ૨૦૨૨ માટે મોનસૂન પૂર્વાનુમાન જાહેર કર્યું છે. સ્કાઈમેટના મોનસૂન પૂર્વાનુમાન પ્રમાણે ૪ મહિના જૂન-જુલાઈ-ઓગસ્ટ-સપ્ટેમ્બર સરેરાશ ૮૮૦.૬ મીમી વરસાદની તુલનામાં ૨૦૨૨માં ૯૮% વરસાદની સંભાવના છે. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ બહાર પાડવામાં આવેલી તેની અગાઉની પ્રાથમિક આગાહીમાં સ્કાયમેટે ચોમાસુ ૨૦૨૨ સામાન્ય રહેવાનો અંદાજ મૂક્યો હતો અને હવે તે જ જાળવી રાખ્યું છે.

સ્કાઈમેટમા સીઈઓ યોગેશ પાટિલના જણાવ્યા પ્રમાણે છેલ્લી ૨ મોનસૂન સિઝન બેક-ટૂ-બેક લા નીના ઘટનાઓથી પ્રેરિત રહી છે. આ અગાઉ લા નીના ઠંડીમાં ઝડપથી ઘટવા લાગી હતી પરંતુ પૂર્વીય હવાઓ ઝડપી હોવાના કારણે તેની વાપસી નથી થઈ શકી. જો કે તેની ટોચ પર પહોંચી ગયું છે, પ્રશાંત મહાસાગરની લા નીના ઠંડક દક્ષિણ-પશ્ચિમ મોનસૂનની શરૂઆત પહેલા પ્રબળ થવાની સંભાવના છે. એટલા માટે અલ નીનોની ઘટનાથી ઈંકાર કરવામાં આવે છે જે સામાન્ય રીતે મોનસૂનને હેરાન કરે છે. જો કે, ચોમાસામાં અચાનક અને તીવ્ર વરસાદની અપેક્ષા રાખવામાં આવે છે, જે અસામાન્ય રીતે લાંબા દુષ્કાળની વચ્ચે થાય છે.

ભૌગોલિક જોખમોના સંદર્ભમાં સ્કાઈમેટ રાજસ્થાન અને ગુજરાત તેમજ નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના ઉત્તરપૂર્વીય પ્રદેશોને સમગ્ર સિઝન દરમિયાન વરસાદની અછતની સંભાવનાની અપેક્ષા રાખે છે. આ ઉપરાંત જુલાઈ અને ઓગસ્ટના મુખ્ય ચોમાસાના મહિનાઓમાં કેરળ રાજ્ય અને ઉત્તર આંતરિક કર્ણાટકમાં ઓછો વરસાદ પડશે. પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ, ઉત્તર ભારતના કૃષિ ક્ષેત્ર અને મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશના વરસાદ આધારિત ક્ષેત્રોમાં સામાન્યથી વધારે વરસાદ થશે. જૂનની શરૂઆતમાં ચોમાસાની શરૂઆત સારી થવાની આગાહી છે.

જૂનમાં ૧૦૭% વરસાદની શક્યતા,૭૦% સામાન્ય વરસાદની શક્યતા,૨૦% સામાન્યથી વધારે વરસાદની શક્યતા,૧૦% સામાન્યથી ઓછા વરસાદની શક્યતા,જૂલાઈમાં તુલનામાં ૧૦૦% વરસાદની શક્યતા,૬૫% સામાન્ય વરસાદની શક્યતા,૨૦% સામાન્યથી વધારે વરસાદની શક્યતા,૧૫% સામાન્યથી ઓછા વરસાદની શક્યતા,ઓગસ્ટમાં ૯૫% વરસાદની શક્યતા ૬૦% સામાન્ય વરસાદની શક્યતા છે ૧૦% સામાન્યથી વધારે વરસાદની શક્યતા છે. ૩૦% સામાન્યથી ઓછા વરસાદની શક્યતા છે. સપ્ટેમ્બરમાં ૯૦% વરસાદની શક્યતા ૨૦% સામાન્ય વરસાદની શક્યતા છે ૧૦% સામાન્યથી વધારે વરસાદની શક્યતા છે ૭૦% સામાન્યથી ઓછા વરસાદની શક્યતા છે.

સ્કાયમેટે કહ્યું છે કે ગુજરાત રાજ્યમાં ચોમાસું સમયસર પહોંચશે. પૂર્વ ભાગોમાં મહિનામાં વરસાદ સારો થશે પરંતુ, સૌરાષ્ટ્રમાં જૂન મહિનામાં વરસાદની ખાધ જોવા મળશે. સમગ્ર રાજ્યમાં જુલાઈ અને ઓગસ્ટમાં વરસાદ સરેરાશ વરસાદની તુલનામાં સમાન્ય રહેશે પણ સપ્ટેમ્બર મહિનામાં ઘટ જોવા મળશે. આ આગાહી વર્તમાન પરિબળોના આધારે તૈયાર કરવામાં આવી છે એટલે તેમાં સમય અનુસાર ફેરફારના અવકાશ છે એમ ચીફ મિટીરિયોલોજીસ્ટ મહેશ પલાવત જણાવે છે. એમના વર્તમાન વરતારા અનુસાર ગુજરાત રાજ્યમાં વરસાદ આ સીઝનમાં ઓછો પડશે.

# શ્રીલંકાએ દેવાળું ફૂંક્યું, વિદેશી દેવું ચુકવવાથી હાથ અધ્ધર કર્યા

કોલંબો,

શ્રીલંકામાં જારી આર્થિક સંકટ વધુ ઘેરાયુ છે. મંગળવારે દેશના નાણામંત્રાલયે વિદેશી દેવું ચુકવવામાં અસમર્થતા દર્શાવતા ડિફોલ્ટર બનવાની જાહેરાત કરી છે.શ્રીલંકાના નાણા મંત્રાલયે કહ્યું કે તે અન્ય દેશોની સરકારો સહિત અન્ય તમામ ધિરાણકર્તાઓનું દેવું ચૂકવવાની સ્થિતિમાં નથી. એવું પણ કહેવામાં આવ્યું છે કે આ ધિરાણકર્તાઓ તેમની લોન પર વ્યાજ વસૂલી શકે છે અથવા મંગળવાર બપોરથી શ્રીલંકાના રૂપિયામાં લોનની રકમ પરત લઈ છે. આનો અર્થ એ થયો કે શ્રીલંકાના વિદેશી હૂંડિયામણના ભંડાર લગભગ સુકાઈ ગયા છે અને તે ડોલરમાં ચૂકવણી કરવાની સ્થિતિમાં નથી. શ્રીલંકાના રૂપિયો પહેલાથી જ ડૉલર સામે નોંધપાત્ર રીતે નબળો પડતો હોવાથી, ધિરાણકર્તાઓ કદાચ પાછા ચૂકવવા તૈયાર ન હોય. શ્રીલંકામાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી આર્થિક અને રાજકીય સંકટ છે. દરમિયાન, શ્રીલંકાની સરકારે મંગળવારે દેશના ૫૧ બિલિયનનું વિદેશી દેવું ચૂકવવામાં તેની લાચારી વ્યક્ત કરી હતી. શ્રીલંકા દેવું ચૂકવવાથી દૂર દેશના ૨૨ મિલિયન લોકો માટે આવશ્યક ચીજવસ્તુઓની આયાત કરવામાં પણ અસમર્થ છે. એકમાત્ર વિકલ્પ બચ્યો હતો. દેશ આઝાદી પછીના સૌથી ખરાબ આર્થિક સંકટનો સામનો કરી રહ્યો છે. ખોરાક અને ઈંધણની તીવ્ર અછત છે. શ્રીલંકા પણ વીજળીની ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું છે.

# PNB કૌભાંડમાં આરોપી અને નીરવ મોદીના સાથી સુભાષને CBI વિદેશમાંથી ભારત પકડી લાવી

નવીદિલ્હી,

બેંક ફ્રોડ કેસમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ને મોટી સફળતા મળી છે. એક મોટું ઓપરેશન ચલાવીને, કેન્દ્રીય એજન્સી ભાગેડુ ઉદ્યોગપતિ નીરવ મોદીના નજીકના સાથી સુભાષ શંકરને કેરોથી ભારત પરત લાવવામાં સફળ રહી છે. સીબીઆઈ તેને દેશમાં પરત લાવવા માટે લાંબા સમયથી કામ કરી રહી હતી. ઉલ્લેખનીય છે કે તે બેંક ફ્રોડ કેસના આરોપીઓમાંનો એક છે.

બેંક સાથે છેતરપિંડી અને કૌભાંડ દરમિયાન સુભાષ શંકર નીરવ મોદીની કંપનીમાં ડીજીએમ (ફાઇનાન્સ) તરીકે તૈનાત હતા. ૨૦૧૮ માં, ઈન્ટરપોલે પીએનબી કૌભાંડની તપાસ સીબીઆઇની વિનંતી પર નીરવ મોદી, તેના ભાઈ નિશાલ મોદી અને તેના કર્મચારી સુભાષ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરી હતી. પીએનબી બેંક કૌભાંડના આરોપી નીરવ મોદીના નજીકના સાથી સુભાષ શંકર પરબને સીબીઆઇ દ્વારા કેરોથી મુંબઈ લાવવામાં આવ્યો છે. તેમને વિશેષ વિમાન દ્વારા લાવવામાં આવ્યા છે. તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. સુભાષ શંકર ૧૩ હજાર કરોડથી વધુના પંજાબ નેશનલ બેંક કૌભાંડમાં પણ આરોપી છે. સીબીઆઈએ નીરવ મોદી પર પુરાવા સાથે ચેડા કરવાનો અને સાક્ષીઓને પ્રભાવિત કરવાનો આરોપ લગાવ્યો હતો. તેના પર તેના કેટલાક કર્મચારીઓનું બળજબરીથી અપહરણ કરીને કૈરો લઈ જવાનો પણ આરોપ હતો. આપને જણાવી દઈએ કે સીબીઆઈ સુભાષ શંકરની સાથે નીરવ મોદી, નિશાલ મોદી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી ચૂકી છે.

# ઝારખંડમાં ૩૪માં રાષ્ટ્રીય ખેલ કૌભાંડની તપાસ CBI કરશે

રાંચી,

ઝારખંડમાં વર્ષ ૨૦૧૧માં થયેલ ૩૪માં રાષ્ટ્રીય ખેલના આયોજન અને સ્પોર્ટ્સ કોમ્પ્લેકસના નિર્માણમાં કૌભાંડની તપાસ હવે સીબીઆઇ કરશે.ઝારખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડો રવિ રંજન અને ન્યાયમૂર્તિ એસએન પ્રસાદની અદાલતો જનહિત અરજીઓ પર સુનાવણી કરતા આ આદેશ આપ્યો છે.આ પહેલા આ કૌભાંડની તપાસ ઝારખંડની એન્ટી કરપ્શાન બ્યુરો કરી રહ્યું હતું અદાલતે એસીબીની તપાસ પર ફકત અસંતોષ વ્યકત કર્યો એટલું જ નહીં પરંતુ સીબીઆઈને એ પાસા પર પણ તપાસ કરવા માટે કહ્યું છે કે કયાં અધિકારીઓના કારણે તપાસમાં વિલંબ થયો છે.અદાલતે કહ્યું છે કે કૌભાંડનની તપાસમાં ઝારખંડ સરકાર સીબીઆઈનો સહયોગ આપશે ૩૪મા રાષ્ટ્રીય ખેલનું આયોજન ૨૦૦૮માં ઝારખંડમાં થનાર હતું પરંતુ અલગ અલગ કારણોથી આયોજન ૬ વાર સ્થગિત કરવું પડયું અને અંતે ૨૦૧૧ની ફેબ્રુઆરીમાં ઝારખંડના રાંચી અને ધનબાદ જીલ્લામાં આ ખેલનું આયોજન થયું હતું.

આયોજન થતા પહેલા જ ખરીદદારી અને અન્ય ખર્ચમાં મોટા પાયા પર ગડબડીના અહેવાલો આવવા લાગ્યા તો ઝારખંડના એન્ટી કરપ્શન બ્યુરોએ ૨૦૧૦માં એફઆઈઆર દાખલ કરી તેની તપાસ શરૂ કરી હતી આ કૌભાંડના આયોજન સમિતિના અધ્યક્ષ આર કે આનંદ નિર્દેશક મિશ્રા મહાસચિવ હાશમી કોષાધ્યક્ષ મધુકાંત પાઠકને આરોપી બનાવવામાં આવ્યા હતાં તે સમયના ખેલ મંત્રી બંધુ તિર્કીને પણ કૌભાંડમાં આરોપી બનાવવામાં આવ્યા હતાં હાલ આ તમામ જામીન પર છે આ ઉપરાંત સુવિમલ મુખોપાધ્યાય,એચએલ દાસ પ્રેમ કુમાર ચૌધરી સુકદેવ ગાંધી અને અજીત જોઈસને અપ્રાથમિક આરોપી બનાવવામાં આવ્યા હતાં. એસીબી તરફથી આ મામલામાં દાખલ કરાવવામાં આવેલ એફઆઈઆરમાં કૌભાંડની કુલ રકમ ૨૮.૩૪ કરોડ રૂપિયા બતાવવામાં આવી હતી આરોપ છે કે આયોજન સમિતિના પદાધિકારીઓની મિલીભગતથી જરૂરતથી વધુ ખેલ સામગ્રી ખરીદવામાં આવી હતી સમાનની ખરીદદારીમાં બજાર મૂલ્યથી વધુની રકમનું વળતર કરવામાં આવ્યો હતો ખેલ કૌભાંડ અને એસીબી તપાસમાં વિલંબને લઈ સુશીલકુમાર સિંહ મંટુ ઝારખંડ અગેંસ્ટ કરપ્શન સેન્ટર ફોર આરટીઆઈ તરફથી અલગ અલગ જનહિત અરજીઓ દાખલ કરવામાં આવી હતી જેના પર સુનાવણી બાદ અદાલતે હવે તપાસ સીબીઆઈને સોંપવાનો આદેશ આપ્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર ગોધરા ભાગોળ વિસ્તારમાં સ્ટેટ વિભાગ દ્વારા રૂપિયા ૧૨ લાખના ખર્ચે બેસાડવામાં આવેલ પેવર બ્લોક અને ફુટપાથ ગાયબ

સંતરામપુર,

સંતરામપુર નગરના ભાગોળ વિસ્તારમાં સ્ટેટ વિભાગ દ્વારા આશરે પાંચેક વરસ અગાઉ ચાલવા માટે રોડની સાઈડમાં ફ્લેવર બ્લોક અને ફુટપાથ બનાવવામાં આવેલું અત્યારે ગાયબ થઈ ગયું છે. રોડની સાઈડમાં આડેધડ બાંધકામનું કામ શરૂ કરીને રૂપિયા ૧૨ લાખના ખર્ચે બનાવેલું અત્યારે ફુટપાટ અદ્રશ્ય થઈ ગયું છે. સરકારમાંથી માતબર રકમ ખર્ચ કરીને રાહત દરે ચાલવા માટેનું આ ફુટપાટ અત્યારે જોવાતું નથી. સ્ટેપ વિભાગ દ્વારા આજ વિસ્તારમાં


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ફરીથી આરસીસી રોડ બનાવવામાં આવેલો હતો, પરંતુ રોડ પણ તૂટી ગયો અને સાઈડમાં બેસાડવામાં આવેલ આ ફ્લેવર બ્લોક ગયા ક્યાં તે ખબર પડતી નથી. રૂપિયા ૧૨ લાખ ખર્ચ્યા પછી પણ ફુટપાથ જોવાતું નથી અને અત્યારે આ વિસ્તારમાં ૨૪ કલાક ધૂળની ડમરીઓ ઉડતી રહે છે. ચાલવા માટે બનાવેલું ફુટપાથ બધા પૈસા સરકારના પાણીમાં ગયા. રાહદારીઓ તેનો ઉપયોગ કરી શકયા નહીં, જ્યારે ભૂગર્ભ ગટર દરમિયાનમાં રોડ ખોદવામાં આવેલો હતો અને નગરપાલિકા દ્વારા સ્ટેટ લાઈટ નવી નાખવા માટે ફરી ખોદકામ કરવામાં આવેલું હતું. આ રીતે સંતરામપુર નગરપાલિકા અને સરકારી તંત્ર દ્વારા અધિકારી દ્વારા કોઈપણ પ્રકારનું ધ્યાન આપવામાં આવતું જ નથી. આયોજન વગરની કામગીરી હાથ ધરતા વારંવાર નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ખરેખર ફ્લેવર બ્લોક ગયા ક્યાં તે તપાસનો વિષય બન્યો.

# વિરપુર મુખ્ય રસ્તાની બાજુમાં ફુટપાથ તૈયાર ન થતાં રાહદારીઓને મુશ્કેલીઓ

વિરપુર,

વિરપુરના મુખ્ય રસ્તાની આજુબાજુનો ફુટપાથ ગાયબ થતાં રાહદારીઓને મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. યોગેશ્વર સોસાયટીની ગટરનુ રિપેરીંગ માટે વિકાસ પથનો ફુટપાથ તોડી પાડ્યો હતો. ગટરનુ કામ પુર્ણ થયાને ચાર માસ થવા છતાં હજુ સુધી ફુટપાથ પુનઃ તૈયાર કરાયો નથી.

વિરપુર નગરમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે જે થોડાક વર્ષો પહેલા નવો બન્યો હતો. જયારે રસ્તાની આજુબાજુમાં રાહદારીઓ માટે અવર જવર માટે બનાવવામાં આવ્યો હતો. જે વિરપુર ગ્રામ પંચાયતના કોન્ટ્રાકટરે વિકાસ પથ પરનો ફુટપાથ ગટરના કામકાજ માટે તોડી પાડતા સ્થાનિક લોકોમાં આક્રોશ જોવા મળ્યો છે. આ રસ્ત ઉપર યોગેશ્વર સોસાયટીનુ ગટરનુ પાણી રોડ પર આવી જવાની સમસ્યા હોવાના કારણે વિરપુર ગ્રામ પંચાયત દ્વારા ગટર માટે નવી પાઈપલાઈન કરવામાં આવેલ જેને લઈને ફુટપાથ તોડી પડાયો હતો. નવી ગટરલાઈનનુ કામકાજ પુર્ણ થયાને ચાર માસથી વધુ સમય વિત્યો છે છતાં પણ વિકાસ પથ પર ફુટપાથનુ રિપેરીંગ કામ કરવામાં આવ્યુ નથી. સ્થાનિકોમાં એક સમસ્યાનો ઉકેલ આવતા બીજી સમસ્યાની ભેટ ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવતા સ્થાનિક લોકો સહિત આવતા જતા લોકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. જયારે ફુટપાથમાં વપરાયેલ બ્લોક અને અન્ય વસ્તુ કયાં ગાયબ થઈ ગઈ તે પણ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ગટરલાઈન કરી વેરવિખેર કરેલ મોટા પથ્થરો અને ઉબડખાબડ રસ્તાની હાલતથી રાહદારી અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ અંગે તલાટી જણાવ્યુ હતુ કે, બાલાસિનોરમાં માર્ગ મકાન વિભાગની પરમીશન લઈ ફુટપાથ તોડી નીચે ગટરની પાઈપલાઈન નાંખવામાં આવેલ હતી અને આવનાર ચોમાસા પહેલા માર્ગ મકાન ખાતા દ્વારા ફરીથી ફુટપાથ બનાવવામાં આવશે એવુ મદદનીશ કાર્યપાલક ઈજનેરે જણાવ્યુ હતુ.

## જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા માટેના પવેશ પત્રો સમયસર ડાઉનલોડ કરવા અંગે

લુણાવાડા,

મહીસાગર જવાહર નવોદય વિદ્યાલય, બાલાસિનોરમાં ધોરણ -૬ માં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા તા.૩૦,એપ્રિલે ને શનિવારના રોજ મહીસાગર જિલ્લાના ૧૯ કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઉમેદવારોના પ્રવેશ પત્રો ઈઈજીઊની વેબસાઈટ પર મૂકી દેવામાં આવેલ છે. આ પ્રવેશ પત્રો ઉમેદવારો દ્વારા સમયસર ડાઉનલોડ કરી શકે તે અંગે જવાહર નવોદય વિદ્યાલયના પ્રાચાર્યની એક અખબારીયાદીમાં જણાવાયું છે.

# દાહોદના ખરોદા ગામે પરણિતાએ બાળકોને કુવામાં નાખી જાતે નજીકમાં ઝાડ ઉપર ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા ગામે એક પરણિતાએ પોતાના બે સંતાનોને કુવામાં નાંખી પોતે કુવાના ઝાડની નજીકમાં આવેલ એક ઝાડ પર મેક્સી બાંધી ગળે ફાંસો ખાઈ પરણિતાએ પોતાના બે સંતાનો સાથે સામુહિક આત્મહત્યા કરી લેતાં પંથકમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી છે. ઘટનાને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો અને સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ગત તા.૧૦મી એપ્રિલના રોજ દાહોદ તાલુકાના ખરોદા ગામે ટાંડી ફળિયામાં રહેતી પરણિતા કાળીબેન અરવિંદભાઈ ભાભોરે અગમ્ય કારણોસર પોતાના બે સંતાનોને લઈ ગામમાં આવેલ એક કુવા તરફ ગઈ હતી અને પોતાના બે બાળકો જેમાં ૧૦ વર્ષી વજેસીંગ ઉર્ફે વીજુ અરવિંદભાઈ ભાભોર અને ૦૬ વર્ષીય આરતી અરવિંદભાઈ ભાભોરને પરણિતા કાળીબેને બંન્ને બાળકોને કુવામાં ફેંકી દીધાં હતાં અને પોતે પણ કુવાની બાજુમાં આવેલ એક ઝાડ સાથે મેક્સી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. કુવામાં પડેલ બંન્ને બાળકો કુવાના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં ઉપરોક્ત બંન્ને બાળકોના પણ મોત નીપજ્યાં હતાં. માતાએ તેના બે સંતાનો સાથે અગમ્યકારણોસર સામુહિક આત્મહત્યા કરતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી ગયો હતો અને ત્રમેય મૃતકોને નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ માટે રવાના કરી દેવામાં આવ્યો હતો. પરણિતાએ પોતાના બે સંતાનોની સાથે કયા કારણોસર આત્મહત્યા કરી તે રહસ્ય હાલ પણ અકબંધ રહેવા પામ્યું છે. ઘટનાને પગલે ગ્રામજનોમાં પણ અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે ત્યારે સઘળી હકીકત તો પોલીસ તપાસમાંજ બહાર આવે તેમ છે.

આ સંબંધે મૃતક પરણિતાના પતિ તથા સંતાનોના પિતા અરવિંદભાઈ દીપાભાઈ ભાભોરે દાહોદ તાલુકા પોલીસ મથકે જાણવા જોગ આપતાં પોલીસે આ મામલે સી.આર.પી.સી. કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુખસરના બલૈયા ક્રોસિંગ પાસે ઈકો ઝાડ સાથે અથડાતા એક વ્યક્તિનું મોત

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં બલૈયા ક્રોસિંગથી ફતેપુરા જતા માર્ગ ઉપર પાડલીયા ગામે ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા ઈકો ગાડી વૃક્ષ સાથે અથડાતા તેમાં સવાર એક યુવાનનુ મોત નીપજયું હતુ.

ફતેપુરા તાલુકાના રાહુલ મગનભાઈ મકવાણા (ઉ.વ.૨૨, રહે.ચીખલી મકવાણા ફળિયા) ઘરના સભ્યોને ગામના પ્રવિણસિંહ જોરાવરસિંહ રાઠોડના ઘરે જઈને આવવાનુ કહી ઘરેની ગયો હતો. ત્યારબાદ તેના ભાઈ મહેશ મકવાણાને ચીખલીના રાઠોડ માનસિંહ સુખતસિંહે મોબાઈલથી જણાવેલ કે, તારા ભાઈ રાહુલ તથા પ્રવિણસિંહ રાઠોડની ઈકો કાર પાડલીયા ગામે ફતેપુરા રોડ ઉપર ઝાડ સાથે અથડાતા રાહુલને ઈજાઓ થઈ છે જયાંથી ગંભીર ઈજાગ્રસ્ત રાહુલને તાત્કાલિક સુખસર સરકારી દવાખાનામાં લઈ જવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. અકસ્માત બાદ ગાડીને સ્થળ ઉપર છોડી પ્રવિણસિંહ રાઠોડ ફરાર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે મૃતકના ભાઈએ સુખસર પોલીસે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લાશનુ સરકારી દવાખાનામાં પી.એમ.કર્યા બાદ લાશનો કબ્જો મૃતકના વાલીવારસોને સોંપી ચીખલીના પ્રવિણસિંહ રાઠોડની વિરુદ્ધમાં ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ ગોદી રોડના રામનગર ખાતે શ્રી રામનવમીની આરતી કરી ઉજવણી કરાઈ



દાહોદ,

દાહોદ શહેરના ગોદીરોડના રામનગર ખાતે દાહોદ નગર પાલિકાના પૂર્વ કાઉન્સિલર લતાબેન સોલંકીના નિવાસ સ્થાને પૂજા, અર્ચના, રામધૂન અને આરતી દ્વારા ઉજવણી કરાઈ હતી. દાહોદમાં મોટાભાગના મંદિરોમા મહાઆરતી અને ભંડારાનું પણ આયોજન થયું હતું.

કાર્યક્રમમાં દાહોદ નગર પાલિકાના પૂર્વ પ્રમુખ સયુંકતાબેન મોદી અને વિસ્તારની ધર્મપ્રેમી જનતા જોડાઈ હતી. કાર્યક્રમની વ્યવસ્થા રોનક સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

## વડોદરામાં ભાજપના પૂર્વ નગર સેવકે લગ્ન પ્રસંગમાં હવામાં ગોળીબાર કર્યો

વડોદરા,

આજકાલ લોકોએ લગ્ન હોય કે જન્મ દિવસની પાર્ટી હોય તેમાં બંદુકથી હવામાં ફાયરિંગ કરતા ઘણા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા હોય છે અને તેમાં કોઈને કોઈ વ્યકિતને ઈજા પહોંચવાના સમાચારો પણ મળતા હોય છે. આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરામાં લગ્ન પ્રસંગે ફાયરિંગ કરતા વિવાદ સર્જાયોહતો. પાર્ટીપ્લોટના માલિકની દિકરીના લગ્નમાં ભાજપના પૂર્વ નગર સેવકે હવામાં ૩ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ઉપરાંત દારૂની પાર્ટીના જુના ફોટા પણ વાયરલ થયા હતા. વડોદરામાં ભાજપના પૂર્વ નગરસેવક દ્વારા ૧૭ માર્ચના રોજ યોજાયેલા લગ્ન પ્રસગમાં હવામાં ફાયરિંગ કરતો વીડિયો સામે આવ્યા બાદ વિવાદ સર્જાયો છે. પૂર્વ નગરસેવક દ્વારા હવામાં બેથી ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું છે. પાર્ટી પ્લોટના માલિકની દીકરીના લગ્ન પ્રસગમાં પૂર્વ નગરસેવકે કાયદાના લીરેલીરા ઉડાડ્યા છે. જાણવા મળી રહ્યું છે કે ભાજપના પૂર્વ નગરસેવક અરવિંદ પ્રજાપતિનો વિડિયો સોશ્યિલ મીડિયામાં વાયરલ થયો છે. ભાજપા નેતા અરવિંદ પ્રજાપતિ સામે પોલીસ ફરિયાદ નોંધાશે કે કેમ તે હવે મોટો સવાલ ઉભો થયો છે. તમને જણાવી દઈએ કે ભાજપના પૂર્વ નગરસેવકના ફાયરિંગનો વીડિયો સાથે દારૂની પાર્ટીના જુના ફોટા પણ વાયરલ થયા છે.

# ગુજરાત હાઈકોર્ટે પોર્ટલમાં ખામીઓ પર GST વિભાગની ઝાટકણી કાઢી

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટ દ્વારા માત્ર વેપારીઓ માટે માલસામાન અને સેવાઓ કરને પ્રક્રિયા કરવા માટે યોગ્ય ડિજિટલ સેવાઓ પ્રદાન કરવામાં અસમર્થ રહી નથી, પરંતુ ફક્ત ભૌતિક સ્વરૂપમાં ડિપાર્ટમેન્ટને ડિફૉલ્ટિંગ કરદાતાઓને શો-કારણ સૂચનાઓ રજૂ કરવાનું પણ આપવામાં આવ્યું છે. તે પણ નિર્દેશિત કરે છે કે, સૂચનાઓ આરપીએડી દ્વારા ડીલરને મોકલવું જ જોઈએ. શો-કારણ સૂચનાઓના ઈશ્યૂ કર્યા બાદ વિવિધ ડીલર્સ કે જેએસ જીએસટી રજિસ્ટ્રેશન્સ રદ કરવામાં આવ્યા હતા. ડીલર્સે ફરિયાદ કરી હતી કે, વર્ષ ૨૦૧૭ માં કાયદાની તેમની અજ્ઞાનતા અને તકનીકી જાણકારીને કારણે તેઓ વળતર ફાઈલ કરવામાં નિષ્ફળ ગયા હતા. જોકે, તેઓને તેમની બાજુ સમજાવવાની તક આપવામાં આવતી નથી.

આ કિસ્સાઓની સુનાવણી પછી, ન્યાયની બેચે ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા અને ન્યાયમૂર્તિ નિશા ઠાકોરે રાજ્ય જીએસટી વિભાગને ફિઝિકલ સ્વરૂપમાં શો-કારણ નોટિસ રજૂ કરવા આદેશ આપ્યો હતો. અદાલતે માત્ર વિભાગને ભૌતિક સ્વરૂપમાં ફક્ત અંતિમ ઓર્ડર પસાર કરવાનો આદેશ આપ્યો હતો. અદાલતે ઉલ્લેખ કર્યો છે કે ઑર્ડરમાં તમામ આવશ્યક કારણો હોવા જોઈએ અને યોગ્ય રીતે ડીલરોને સ્વીકૃત પોસ્ટ દ્વારા સ્વીકૃત પોસ્ટ દ્વારા સ્વીકારવું જોઈએ કોઈપણ વિરામ, અત્યાર સુધી, ખૂબ સખત રીતે જોવામાં આવશે. આ અદાલતે આ સંદર્ભમાં બિનજરૂરી દાવાથી કંટાળી ગયા છે, બેચે જણાવ્યું હતું. વહીવટીતંત્રમાં તકનીકી ગ્લિચીસને દૂર કરવા માટે વહીવટને દબાણ કરવા માટે, એચસીએ તેને ભૌતિક સ્વરૂપમાં ડીલરોને નોટિસ અને અંતિમ ઓર્ડર આપવા માટે આદેશ આપ્યો છે, જ્યાં સુધી વિભાગ પોર્ટલમાં યોગ્ય સૉફ્ટવેરને વિકસાવવા અને અપલોડ કરવામાં સક્ષમ ન હોય તેવા પોર્ટલમાં યોગ્ય સૉફ્ટવેર અપલોડ કરવામાં આવે છે, શો કારણ નોટિસ તેમજ રજિસ્ટ્રેશન રદ કરવાના અંતિમ ક્રમમાં બધી આવશ્યક માહિતી અને સામગ્રી વિગતો જે પસાર થઈ શકે છે. રાજ્ય સરકારના બફલિંગ જવાબ બાદ હાઈકોર્ટનો આદેશ આવ્યો હતો, કેમ કે ડિલર્સને નોટિસ અને રજિસ્ટ્રેશન રદ કરવાની હુકમના કારણોસર કેમ ન હતા. સરકારે સુપરત કર્યું કે, ડિપાર્ટમેન્ટને પોર્ટલમાં તકનીકી ગ્લિચીસના એકાઉન્ટ પર શો કારણ સૂચનાઓ અને નોંધણી રદ કરવાની હુકમ અપલોડ કરવાનું મુશ્કેલ લાગે છે. હાઈકોર્ટે શો-કોઝ નોટિસના અવકાશથી જીએસટી ડિપાર્ટમેન્ટના રજિસ્ટ્રેશન રદ કરવાની હુકમ શોધી કાઢ્યું અને તેમને કાઢી નાખ્યું હતું. હાઈકોર્ટે સ્ટેટ ટેક્સ ડિપાર્ટમેન્ટને સમજાવવાની પ્રક્રિયાને અનુસરવા માટે પણ કહ્યું હતું. કારણ કે, તે બિનજરૂરી દાવાઓમાં પરિણમે છે

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે,સ્નેહીના સંપર્કથી લાભ થશે, વ્યવસાયમાં વૃદ્ધિ થશે, પરિવારના સુખમાં વૃદ્ધિ થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સરકારી કામમાં સફળતા મળશે, કરેલા કાર્યો ફળદાઈ બનશે, નોકરી બાબતે સારા સમાચાર મળશે, ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે ઈષ્ટમીત્રોનો સહયોગ મળશે ધર્મપ્રત્યેની શ્રધ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : ધન માનનો વ્યય જણાશે, નોકરીમાં પરેશાની રહેશે, માનસિક તણાવ જણાશે, વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : કામકાજમાં સફળતા મળશે ધંધામાં નવી તકો મળશે, નોકરીમાં બઢતીની તકો મળશે, પારિવારિક સબંધોમાં લાભ થશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાના કામમાં સફળતા મળશે, પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો, આત્મવિશ્વાસમાં વધારો થશે, ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે, નવા સબંધોમાં નિરાશા જણાશે નોકરીમાં નવી તકો મળશે સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધુરુ જણાશે સ્વજનોના હસ્તક્ષેપથી મન વિચલીત જણાશે નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે વ્યવસાયમાં ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આજે ભાગ્ય અનુકુળ જણાય છે રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે વિકાસના કાર્યોમાં ગતી આવશે દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.) : વાદવિવાદના કામથી બચવુ આર્થિક સ્થિતીમા મધ્યમ સુધારો જણાય છે ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : કામની સફળતામાં ખુશી અનુભવશો નોકરીમાં પ્રમોશન અથવા શાંતિ મળશે સ્વજનોનો સહયોગ મળશે ધંધામાં સુધારો જોવા મળશે.

મીન (દ.ચ.ઝ.થ) : માનસિક તણાવ જણાશે કામમાં મધ્યમ સફળતા મળશે વિરોધીઓથી સાવધાન રહેવુ ખર્ચ બાબતે સંભાળવુ.

### પાક.વડાપ્રધાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો

# પાકિસ્તાન ભારતની સાથે શાંતિપૂર્ણ અને સહયોગવાળા સંબંધ ઈચ્છુક : શહબાજ શરીફ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાજ શરીફે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ધન્યવાદ આપતા એકવાર ફરીથી કાશ્મીરનો રાગ આલાપ્યો હતો.શરીફે કહ્યું કે પાકિસ્તાન ભારતની સાથે શાંતિપૂર્ણ અને સહયોગવાળા સંબંધનું ઈચ્છુક છે.શરીફે કહ્યું કે પાકિસ્તાન ભારતની સાથે જમ્મુ કાશ્મીર સહિત તમામ લંબિત મુદ્દાના શાંતિપૂર્ણ સમાધાન ઈચ્છે છે વડાપ્રધાન નરેન્દ્રનો પોતાના અભિનંદન સંદેશમાં આતંકવાદથી મુક્તિના આહ્‌વાન કરવાના જવાબમાં શહબાજે દાવો કર્યો કે પાકિસ્તાને આતંકવાદથી લડતા કુરબાની આપી છે.

કાશ્મીરના આતંકવાદીઓને પાળનાર પાકિસ્તાનના નવા વડાપ્રધાન શહબાજે કહ્યું કે અભિનંદન આપવા માટે ધન્યવાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી.પાકિસ્તાન ભારતની સાથે શાંતિપૂર્ણ અને સહયોગી સંબંધો માટે ઈચ્છુક છે.જમ્મુ કાશ્મીર સહિત તમામ



લંબિત મુદ્દાના શાંતિપૂર્ણ સમાધાન અત્યંત જરૂરી છે પાકિસ્તાનને આતંકવાદની વિરૂધ્ધ જંગ લડતા જે કુરબાનીઓ આપી છે તે દુનિયા જાણે છે.ચલો શાંતિને સુરક્ષિત કરીએ અને આપણા લોકોના સામાજિક આર્થિક વિકાસ પર ફોકસ કરીએ

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્‌વીટ કરી શહબાદ શરીફને પાકિસ્તાનના વડાપ્રધાન બનવા પર અભિનંદન પાઠવ્યા હતાં અને કહ્યું હતું કે ભારત ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા ઈચ્છે છે જે આતંકવાદથી મુકત હોય. વડાપ્રધાને ટ્‌વીટ કર્યુ હતું કે મિયાં મુહમ્મદ શહબાજ શરીફને પાકિસ્તાનના વડાપ્રધાન બનવા પર અભિનંદન, ભારત ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા ઈચ્છે છે જે આતંકવાદથી મુકત હોય, જેથી આપણે આપણા વિકાસ પડકારો પર ધ્યાન કેન્દ્રીત કરી શકીએ અને પોતાના લોકોની ભલાઈ અને સમૃધ્ધ સુનિશ્ચિત કરી શકીએ

શરીફે વડાપ્રધાન બન્યા બાદ કાશ્મીરનો મુદ્દો સંસદમાં ઉઠઆવ્યો હતો પાકિસ્તાનના વડાપ્રધાને કહ્યું હતું કે તે ભારતની સાથે શાંતિ ઈચ્છે છે જે કાશ્મીક વિવાદના સમાધાન સુધી સંભવ નથી.શરીફે કહ્યું હતું કે મારી પહેલી પ્રાથમિકતા રાષ્ટ્રીય સદ્‌ભાવના છે અમે ભારતની સાથે શાંતિ ઈચ્છીએ છીએ પરંતુ કાશ્મીર મુદ્દાના સમાધાન વિના શાંતિ સંભવ નથી શરીફે સોમવારે પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે સોગંદ લીધા હતાં આ સાથે જ પાકિસ્તાનમાં રાજનીતિક અનિશ્ચિતતા સમાપ્ત થઈ ગઈ હતી. અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા ઈમરાન ખાનની સરકાર તુટી ગયા બાદ શરીફ પાકિસ્તાનના નવા વડાપ્રધાન બન્યા છે.

એ યાદ રહે કે પાકિસ્તાનની રાજનીતિના નવા અધ્યાયથી ભારતને ખુબ આશા છે નવાજના ભાઈ હોવાને કારણે શહબાજ સરકારમાં તેમની પ્રાસંગિકતા અને દબદબો બની રહેશે આવામાાં ભારત ઈચ્છે છે કે શહબાજના દૌરમાં પણ નવાજ બાજપાઈ, નવાજ મોદી જેવા સંબંધોમાં ગર્મજોશી આવે પરંતુ તેના માટે આતંકવાદથી અંતર બનાવવું પડશે

એવું નથી કે નવાજ બાજપાઈવાળા ગર્મજોશી ફરીથી પેદા કરવાનો પ્રયાસ થયો નથી પરંતુ કયારેક કારગિલ તો કયારેક મુંબઈ હુમલા,ઉરી પઠાણકોટ પુલવામાના રૂપમાં પાકિસ્તાનુની તરફથી હંમેશા દગાબાજી થઈ છે. ૨૦૧૪માં સત્તામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી પધ્ધતિની શરૂઆત કરવાનો પ્રયાસ કર્યો હતો ભારતમાં ભલે જ વિરોધ પક્ષને આ પસંદ આવ્યું ન હોય પરંતુ અનેક વર્ષ બાદ ખુદ વડાપ્રધાને તેનું કારણ પણ બતાવ્યું હતું તેમણે કહ્યું હતું કે મારી તસવીર શું છે અથવા મારી પાર્ટીની તસવીર શું છે પહેલાથી માની લેવામાં આવ્યું હતું કે અરબ દેશો કે ઈસ્લામિક દેશોની સાથે ભારતના સંબંધો બગડી જશે ભારતના રાજનીતિક પંડિતોએ એવું વાતાવરણ બનાવ્યું હતું કે આજે અમારી સૌથી વધુ દોસ્તી અરબ દેશો,ઈસ્લામિક દેશોની સાથે છે પછી ભલે તે ઈન્ડોનેશિયા હોય કે કુવૈત કતર.મોદીએ કહ્યું હતું કે જો હું નવાજ શરીફને સોગંદવિધિમાં ન બોલાવ્યા હોય તો હું લાહોર જતો નહીં હું કેટલા દુનિયામાં જઈ કહેતો કે પાકિસ્તાન જુઠુ છે અમારી સાથે આ કરી રહ્યું દરેક કોઈ માનતા કે નહીં નહીં મોદીના મગતમાં નેગેટિવ ભાવ ભરેલ પડયો છે મારા આ બે પગલાથી પાકિસ્તાનની જનતાના મનમાં વિશ્વાસ પેદા કરી દીધો કે મોદી સારા ઈન્સાન છે ભારત અને પાકિસ્તાન વચ્ચે દોસ્તી ઈચ્છે છે. આથી સામેથી બધુ કરી રહ્યું છે. દુનિયા માની રહી હતી કે મોદી તરફથી કોઈ કમી નથી પરંતુ જયારે પઠાણકોટ હુમલો થયો તો દુનિયાને મારે સમજાવવી પડી નહીં કે પાકિસ્તાન ગડબડ કરી રહ્યું છે.ભારત તરફથી એર સ્ટ્રાઈક કે સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી તો દુનિયાનો એક પણ દેશ બોલ્યો નહીં તેનું મૂળ કારણ મારા તે બે પગલાથી જે વિશ્વાસ બન્યો છે તે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ઝાયડસ મેડીકલ કોલેજ ખાતે

# રૂ.૨૫૦ કરોડના ખર્ચે નિર્મિત ૭૫૦ પથારી સાથેની મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પીટલનું લોકાર્પણ કરશે

- પ્રધાનમંત્રી ઝાયડસ ખાતે રૂ. ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર નવનિર્મિત મેડીકલ કોલેજ સંકુલ અને રહેણાંક આવાસનું પણ કરશે લોકાર્પણ.
- પ્રધાનમંત્રી ઝાયડસ મેડીકલ કોલેજ ખાતે રૂ. ૨.૨૦ કરોડના ઓક્સિજન પ્લાન્ટને જનસેવામાં સંમર્પિત કરશે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જેવા અંતરિયાળ વિસ્તારમાં ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પીટલની સેવાઓ ગરીબ દર્દીઓની નિઃશુલ્ક સારવાર પૂરી પાડી રહી છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ફાળવેલી ઝાયડસ મેડીકલ કોલેજની આરોગ્યલક્ષી સેવાઓનો વિસ્તાર થયો છે. પ્રધાનમંત્રી આગામી તા. ૨૦ એપ્રીલે અહીં રૂ. ૨૫૦ કરોડના ખર્ચે નિર્મીત ૭૫૦ પથારી સાથેની મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પીટલ તેમજ નવા મેડીકલ કોલેજ સંકુલ સાથે નવા રહેણાંક આવાસ પણ રૂ. ૨૦૦ કરોડને ખર્ચે તૈયાર કરવામાં આવ્યા છે તેનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી ઝાયડસ મેડીકલ કોલેજ ખાતે રૂ. ૨.૨૦ કરોડના ઓકિસજન પ્લાન્ટને પણ જનસેવામાં સંમર્પિત કરશે.

ઝાયડસ મેડીકલ કોલેજ ખાતે અદ્યતન માળકાકીય સુવિધાઓ સાથે જે આરોગ્યસેવાઓ મળશે તેની વાત કરીએ. નાગરિકોને અહીં હવે નવી ૬૯૦ પથારીવાળા જનરલ વોર્ડની સુવિધા પ્રાપ્ત થશે. તેમજ ઈમરજન્સી કે અકસ્માતમાં જીવન બચાવવા અદ્યતન સાધનો જેવા કે વેન્ટિલેટર, મલ્ટીપારા મોનિટર, ઈન્ફયુઝન પંપ, ડિફિબ્રિલેટર વગેરે સાથેની ૨૫ પથારી સાથેની આરોગ્યસેવાઓ ઉપલબ્ધ થશે.

આ ઉપરાંત ઝાયડસ હોસ્પીટલ ખાતે ૧૨ પથારી સાથેનું આઈસીયુ, ૫ પથારી સાથેનું આઈસીસીયુ, ૬ પથારી સાથેનું એસઆઈસીયુ, ૫ પથારી સાથેનું પીઆઈસીયુ, ૨૮ પથારી સાથેનું ઓટી રીકવરી તમામ જીવન બચત સાધનો સાથે, ૧૧ સ્પેશ્યલ રૂમ, ૭ મોડ્યુલર ઓટી, ઘટક સુવિધા સાથેનું બ્લડ બેન્ક, લેબોરેટરી સેવાઓમાં પેથોલોજી, બાયોકેમેસ્ટ્રી અને માઈક્રોબાયોલોજીનો સમાવેશ થાય છે. રેડિયોલોજી સેવાઓમાં એક્સ રે, યુએસજી, વિશેષ પ્રક્રિયા અને સીટી સ્કેનનો સમાવેશ થાય છે.

દાહોદની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લેતા આરોગ્યલક્ષી વધુ સારવાર માટે વડોદરા અથવા તો અમદાવાદ જવું પડતું હતું. પરંતુ, દાહોદમાં મેડિકલ કોલેજની આ સુવિધાઓથી તમામ વિશેષ પ્રકારની સારવાર પણ હવે દાહોદમાં મળવા લાગી છે. ખાસ કરીને દૂરદરાજના ગામોમાં વસતા આદિવાસી પરિવારો માટે આ મેડિકલ કોલેજ આશીર્વાદરૂપ સાબિત થઇ છે. આ હોસ્પીટલની સુવિધાનો લાભ હવે રાજસ્થાન, મધ્યપ્રદેશના લોકો પણ લઈ રહ્યાં છે.

દાહોદમાં કોરોના વાયરસ સંક્રમણ સમયે નાગરિકોને આરોગ્યલક્ષી સેવાની ખૂબ જ આવશ્યકતા પડી હતી. એવા સમયે દાહોદની ઝાયડ્સ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલની સેવા ખરા સમયે કામ આવી હતી.

ઝાયડસ મેડીકલ કોલેજ ખાતે નવા મેડીકલ કોલેજ સંકુલ સાથે નવા રહેણાંક આવાસ બોયસ અને ગર્લ્સ હોસ્ટેલ, પુસ્તકાલય, સભાગૃહ, ઈન્ડોર આઉટડોર ગેમની વ્યવસ્થા, વ્યાયામશાળાની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. તદ્દઉપરાંત કોરોના સમયે અતિમહત્વની પૂરવાર થતી આરટીપીસીઆર લેબની સુવિધાઓ પણ ઝાયડસ ખાતે શરૂ કરવામાં આવતા ઝડપથી કોરોના ટેસ્ટ રિપોર્ટ ઉપલબ્ધ થશે.

વનબંધુ કલ્યાણ યોજનાની જોગવાઈઓ તેમજ ટ્રાયબલ કચેરીના સહયોગથી ઝાયડસ ખાતે દર્દીઓ માટે ૧૨૦૦ લીટર પ્રતિમિનીટની ક્ષમતા સાથેનો ઓક્સિજન પ્લાન્ટ પણ પ્રધાનમંત્રી જનસેવામાં સંમર્પિત કરશે.

# ભારતીય રેલ્વેના ચેરમેન દ્વારા દાહોદ વર્કશોપની મુલાકાત લીધી

દાહોદ,

દાહોદ રેલ્વે વર્કશોપ ખાતે ભારતીય રેલ્વેના ચેરમેન વી.કે. ત્રિપાઠી આજે આવ્યાં હતા. જેને અનુસંધાને દાહોદના સાંસદ જસવંતસિહ ભાભોર દ્વારા વી.કે. ત્રિપાઠીનું સ્વાગત કર્યું હતું અને ત્યાર બાદ તેઓને વિવિધ રજુઆતો પણ કરી હતી તેમાંય ખાસ કરીને બંધ પડેલ ટ્રેનોને પુનઃ શરૂં કરવા અને સ્ટોપેજ આપવા જેવી વિવિધ રજુઆતો કરવામાં આવી હતી.

આજરોજ ભારતીય રેલ્વેના ચેરમેન વી.કે. ત્રિપાઠી દાહોદ રેલ્વે વર્કશોપની મુલાકાતે પહોંચ્યાં હતાં. વી.કે. ત્રિપાઠી મુલાકાતે આવતાં દાહોદ રેલ્વે અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર પણ પણ તેઓને મળવા પહોંચ્યાં હતાં અને તેઓનું સ્વાગત પણ કર્યું હતું. આ સાથે જસવંતસિંહ ભાભોર દ્વારા વલસાડ ઈન્ટરસીટી ગાડી,જે કોરોના કાળ પહેલા દાહોદથી ચાલતી હતી પરંતુ પરંતુ હવે આ ગાડી વલસાડ થી વડોદરા સુધી ચાલે છે માટે આ ગાડીને પુનઃ વલસાડથી દાહોદ સુધી કરવામાં આવે, સુરત – મુઝ્ઝફરબાદ, ઓખા, ગુવાહાટી, ગાંધીધામ – કામાખ્યા, બાંદ્ર ટર્મિનલ – હજરત નિજામુદ્દીન, લીમખેડામાં શાંતિ એક્સપ્રેસને પુનઃ સ્ટોપેજ આપવામાં આવે, કોરોના કાળ દરમ્યાન બંધ પડેલ ટ્રેનો જેમાં ફિરોજપુર – મુંબઈ, દાહોદ – આણંદ મેમુ, દાહોદ – વડોદરા મેમુને પુનઃ શરૂં કરવામાં આવે, મુંબઈ – નવી દિલ્હી રાજધાની એકસપ્રેસ, અર્નાકુલમ – અજમેર, ગાંજીપુર – બાંદ્રા, ઓખા – વારાણસી સુપર ફાસ્ટ ગાડીને દાહોદમાં સ્ટોપેજ આપવામાં આવે તેવી રજુઆત કરી હતી. આ ઉપરાંત દાહોદ રેલ્વે સ્ટેશનને સ્માર્ટ રેલ્વે સ્ટેશન બનાવવામાં આવે, દાહોદ રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ નંબર ૧ થી ૨ તેમજ ઉપર જવા આવવા માટે ફુટ ઓવર બ્રિજની સાથે રેમ્પ અને લીફ્ટની વ્યવસ્થા તેમજ બોરડી રેલ્વે સ્ટેશન પર ફુટ ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવે તેવી દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા ભારતીય રેલ્વેના ચેરમેન વી.કે. ત્રિપાઠીને મળી રજુઆત કરવામાં આવી હતી.

# દે.બારીઆના વાંદર ગામે શિકારની પાછળ દોડતો વન્ય પ્રાણી દીપડો સિંચાઈના પાણીના ટાકામાં ખાબકયો



- રાત્રીના સમયે શિકાર પાછળ દોડેલો દીપડો સિંચાઈના પાણીના ટાકામાં ખાબકયો.
- વહેલી સવારે દીપડાનો અવાજ આવતા ગ્રામજનોમાં ફફડાટ.
- વનકર્મીઓએ દીપડા ખાબક્યો તે વિસ્તાર કોર્ડન કર્યુ.
- રાત્રીના રેસ્કયુ હાથ ધરવામાં આવશે.

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના વાંદર ગામે રાત્રિના સમયે શિકારની પાછળ દોડતો દીપડો પાણીના ટાંકા માં ખાબક્યો સ્થાનિક ગ્રામજનોને જાણ થતાં ફફડાટ વનકર્મીઓએ વિસ્તાર કોર્ડન કરી રાત્રીના રેસ્ક્યુ હાથ ધરી દિપડાને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત માહીતી મુજબ તા.૧૨ના દેવગઢ બારિયા તાલુકાના વાદંર ગામે ખેડા ફરળીયામાં રહેતા દીપસિગ મોહનભાઈ પટેલના ખેતરમાં આવેલ સિંચાઈના પાણીના ટાંકામાં રાત્રીના સમયે શિકારની પાછળ દોડતો વન્યપ્રાણી દીપડો ખાબકીયો હતો. ત્યારે વહેલી સવારે ખેતરમાં કામ કરતા ગ્રામજનોને વન્ય પ્રાણીનો અવાજ આવતા આસપાસ જોતાં સિંચાઈના પાણીના ટાંકામાં દીપડો જોવાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ત્યારે આ દીપડાની જાણ વનવિભાગને કરવામાં આવતા સ્થાનિક આર.એફ.ઓ. પુરોહીત સહિત વનકર્મીઓ ઘટના સ્થળે દોડી જઈ જે પાણીના ટાકામાં દીપડો ખાબક્યો હતો. તેને કોર્ડન કરી ગ્રામજનોને દુર રહેવાની સલાહ આપી હતી. જયારે દીપડો ખાબક્યો હોવાની જાણ અન્ય ગ્રામજનોને થતા મોટી સંખ્યામાં લોકો દીપડો જોવા દોડી આવ્યા હતા. ત્યારે દિવસના દીપડો બહાર કાઢી શકાય તેમ ના હોવાથી રાત્રીના સમયે દીપડાનું રેસ્ક્યું હાથ ધરી દીપડાને પાણીના ટાંકા માંથી બહાર કાઢવામાં આવશે. તેમ આર.એફ.ઓ.એ જણાવ્યું હતું.

## ડો.બાબા સાહેબ આંબેડકરના જન્મદિવસે સ્વચ્છતા, લોક જાગૃતિ, નાટકો વગેરે કાર્યક્રમો કરવામાં આવશે



દાહોદ,

૧૪મી તારીખે ડા.બાબાસાહેબ આંબેડકરજીની જન્મ જયંતી નિમિત્તે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયાર, મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, અનુસૂચિત જાતિના પ્રભારી મુકેશભાઈ માળી, પ્રમુખ જીતેન્દ્ર માળી, મહામંત્રી વિજયભાઈ તથા નાના ભાઈ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગનો હેતુ આવનારી ૧૪મી તારીખે ડા.બાબા આંબેડકર જયંતિ નિમિતે જીલાકક્ષાએ તેમજ તાલુકા, નગર કક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજાય. સૌ કાર્યકર્તાઓ આમાં પ્રજાને કેવી રીતે જોડી શકે તે આયોજન કરવા અંગે પ્રમુખ શંકરભાઈ અમલીયાર આ કાર્યક્રમમાં સફળ બનાવવા માટે કાર્યકર્તાઓ સાથે ચર્ચા વિચારણા કરી મોટી સંખ્યામાં લોકો આમાં જોડાય તેવી રીતે કાર્ય કરવા જણાવ્યું હતું.

## સાયબર ક્રાઈમ કરનારા મેડીકલના વેપારી સામે દે.બારીયાની પોલીસ પાંગળી પુરવાર થઈ છે...?

દે.બારીયા,

દે.બારીયા ગતરાત્રીના આઠ થી નવ વાગ્યાના સુમારે એક મેડીકલનો સ્ટોર ધરાવનાર મીત સોની વિડીયો કલીપ વાયરલ કરી એક કોમના વિસ્તારમાં જઈને તેમના ઘરોમાં ઘુસી મારવાનો ઓડીયો વાયરલ થતાની સાથે જે સમુદાય અને જે વિસ્તારના નામ લખ્યું હતું. તે પણ અંગ્રેજીના શબ્દોમાં જે તે સમુદાયના વ્યકિતઓ દે.બારીયા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવા ગયા તો ત્યાં કોઈપણ પી.એસ.ઓ. તેમજ જવાબદાર અધિકારી હાજર ન હતા. એક કલાકનો સમય થયા બાદ સાદા કાગળ ઉપર અરજી લઈને પોતાનું કાર્ય તો કોઈના આક્રોશ શાંત પાડવા માટે બતાવ્યા હતા. આખો સમુદાયના વ્યકિતના ઘરે જઈને હલ્લો મચાવ્યો ત્યારબાદ સુઈ રહેલી પોલીસ જાગી હતી. આલેખ લખાય છે. ત્યારે પણ એક વિશેષ સમુદાયના વિરૂદ્ધ ઓડીયો કલીપ વાયરલ કરનાર વિરૂદ્ધ કોઈપણ જાતાના પગલાં લીધા નથી. સાયબર ક્રાઈમ એકટ મુજબ ગુનાની એફ.આર.આઈ. પણ કરવામાં આવી નથી. એક વિશેષ સમુદાયના વિશે ઓડીયો વાયરલ થતા ભાવનાઓને ઠેસ પહોંચે તેવા વ્યકિતને કોણ બચાવી રહી છે. પોલીસ આના વિરૂદ્ધ સાયબર ક્રાઈમ કરનારા મેડીકલના વેપારી કેમ છાવરે છે. અને વાલા દવલાની નીતિ થઈ રહી છે. તે માટે જીલ્લાના ઉચ્ચપદના અધિકારીઓ તપાસના આદેશ જારી કરે તેવી માંગ ઉઠવા પામી છે. લઘુમતી સમુદાયના હકકોનું હનન થઈ રહ્યું છે કે શું..?

## દાહોદ ખાનગી હોસ્પિટલમાં શોર્ટ સર્કિટને કારણે લાગેલ આગ ઉપર ફાયર સેફટીને લઈ આગ પર કાબુ મેળવ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ફાયર સેફટીનો ફાયદો દાહોદ શહેરના દર્પણ રોડ પર આવેલા એક ખાનગી હોસ્પિટલના પેનલ બોર્ડમાં શોર્ટ સર્કિટના કારણે આગે દેખા દેતા હોસ્પિટલમાં ધુમાડાના પગલે ઉપસ્થિત હોસ્પિટલ સ્ટાફમાં ભયનો વાતાવરણ ઉભો થયો હતો. જોકે હોસ્પિટલમાં લાગેલા ફાયર સેફટીના કારણે આગ પર પાણીનો છન્ટકાવ કરવાનાં કારણે આગનું સ્વરૂપ એટલું ધારણ કરી શક્યું ના હતું અને સાથેજ સ્થાનિકોએ દાહોદ ફાયર ફાઈટરને જાણ કરતાં અગ્નિશામક દળના કર્મચારીઓએ પણ તાબડતોડ દોડી આવી આગ પર કાબુ મેળવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ શહેરના દર્પણ ટોકીઝ રોડ પર આવેલા દર્પણ હોસ્પિટલના પેનલ બોર્ડમાં શોર્ટ સર્કિટના કારણે આગે દેખા દીધી હતી. ત્યારબાદ લાઈટના પેનલબોર્ડમાથી નીકળતા ધુમાડાના પગલે હોસ્પિટલ સ્ટાફ તેમજ આસપાસના લોકોમાં ગભરાટનો માહોલ છવાયો હતો અને હોસ્પિટલમાં લાગેલા ફાયર સેફટીના કારણે મોટી હોનારત થતી ટળી હતી અને આગ પર કાબુ મેળવાયો હતો. જોકે સ્થાનિકોએ આ અંગેની જાણ દાહોદ અગ્નિશામક દળને પણ કરતા અગ્નિશામક દળના ફાયર ફાયટરો ઘટનાસ્થળે દોડી આવી ગણતરીની મિનિટમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. હોસ્પિટલમાં પેનલ બોર્ડમાં આગના બનાવ સમયે માત્ર એક જ દર્દી દાખલ હતો. તેમજ આ બનાવમાં અન્ય કોઈ જાનહાની ન થતાં સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ઝાલોદના મુવાડા ગામે ફોર વ્હીલ ગાડી માંથી ૨.૭૦ લાખ ભરેલ બેગની ચોરી કરતાં અજાણ્યા ઈસમ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુવાડા ગામે એક ફોર વ્હીલર ગાડીની આગળની સીટમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમે રોકડા રૂપીયા ભરેલ ૨,૭૦,૦૦૦ની બેગ ઉઠાવી ફરાર થઈ જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ગત તા.૧૧મી એપ્રિલના રોજ નૈતિકકુમાર રમેશચંદ્ર પટેલ (રહે. લીમડી, કારઠ રોડ, શાંતીકુંજ સોસાયટી, તા.ઝાલોદ, જિ.દાહોદ) ના પોતાના કબજાની ઈકો ફોર વ્હીલર ગાડીમાં લીમડી, ઝાલોદના પંચામૃત ડેરીના દુધ, છાસ વેચાણની ઉઘરાણીના રૂપીયા ૨,૭૦,૦૦૦ રોકડા ઈકો ગાડીની આગળની સીટમાં મુકી ઝાલોદના મુવાડા ગામે રહેતાં મનોજભાઈની દુકાને છાસના કેરેટ ઉતારવા ગાડી ઉભી રાખી હતી. આ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી રોકડા રૂપીયા ૨,૭૦,૦૦૦ ભરે બે સાથે તેમાં ડોક્યુમેન્ટ વિગેરેની બેગ લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ સંબંધે નૈતિકકુમાર રમેશચંદ્ર પટેલ દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પવિત્ર રમઝાન માસ દરમિયાન દાહોદની

# રોશન સફર વકફ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરીબ અને મધ્યમ વર્ગના પરીવારોને ખાદ્ય સામગ્રી વસ્તુનું વિતરણ



દાહોદ,

દાહોદની રોશન સફર વકફ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના વહારે આવી છે. જેમાં આજરોજ રમઝાન માસમાં રોજેદાર અને જરૂરતમંદ લોકો તેમજ પરીવરોને રાશન કીટ, ખાદ્યસામગ્રી વિતરણ કરવામાં આવી. આ રાશન કીટમાં ચોખા, લોટ, તુવર દાળ, તેલ, ચા, ખાંડ, સેવ પેકેટ વગેરે ખાદ્ય સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યું છે. જેમાં ૨૫૦ થી વધુ જરૂરિયાત પરિવારોએ લાભ લીધો છે. રોશન સફર વકફ ટ્રસ્ટ દર વર્ષે રાશન કિટ વિતરણ, સ્કૂલના યુનિફોર્મ, બાળકો માટે બુક વિતરણ, સ્કૂલ બેગ, મેડિકલ સહાય, સ્કૂલ ફી, સહાય, સમુહ લગ્ન, વૃધા સહાય ના કાર્યક્રમો રાબેતા મુજબ કરવામાં આવતા હોય છે. જેમાં મોટી સંખ્યામાં દાહોદ નગરના લોકો લાભ લેતા હોય છે.

દાહોદની રોશન સફર વકફ ટ્રસ્ટ દ્વારા દરેક સમાજના બાળકો તથા બેહનો માટે કોમ્પ્યુટર ક્લાસીસ, ટ્યુશન ક્લાસીસ તથા સીવણ ક્લાસીસ, પાર્લર અને મેહદી ક્લાસ માટે નિઃશુલ્ક વર્ગો ચલાવવામાં આવતા હોય છે. જેમાં ટ્રસના પ્રમુખ હાજી એજાજ ખાનના જણાવ્યા અનુસાર સિક્ષણ દ્વારા જ સમાજનું સ્તર ઊંચું આવશે. કુદરતે આપેલું અનમોલ જીવન લોકહિતના કાર્યો માટે ઉપયોગી થાય એ માટે દાહોદની રોશન સફર વકફ ટ્રસ્ટ હરહંમેશ આગળ હોય છે અને સમાજના ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે એમના હિતમાં કાર્યો કરતી હોય છે.

## કુર્આન કરીમમા જુદા જુદા સ્થળોએ ધન મેળવવા તેને વાપરવા અને લેણ દેણ વિશે આ પ્રમાણે હુકમો મળે છે

એક બીજાનો માલ નાજાઈઝ તરીકા થી ન ખાવ (સૂરએ બકર?)
હલાલ તથા પાક ચીજ ખાવ (સુરએ બકર આ.૧૬૮)
ધન મેળવવા માટે નાજાઈઝ શ્રોતોથી બચો (સૂરએ બકર ૨૭૫, સુરએમાઈદા–૯૦)
દોલત મળવા પર છલકાઈ ન જાવ (સૂરએ હદીદ,૨૩)
પોતાની દોલત માંથી નજીકના સગા યતીમો મિસકીનો મુસાફરો તથા નાદારોના હકક અદા કરો (સૂરએ બની ઈસ્સાઈલ–૨૬, સૂરએ ઝારિયાત–૧૯)
માગનારને ધુત્કારવો નહી એટલે કે તેના આત્મસન્માનનું ધ્યાન રાખો (સૂરએ હુદા આ.૧૦)
ગરીબ કરજદારને કરજની અદાયગી માટે સમય આપો. (સૂરએ બકર૧૯૫ સૂરએ મુના ફેકીન–૧૦)
સદકા ખૈરાત કરીને એહસાન જતાવો નહી અને જેને આપ્યું છે. તેને હેરાન ન કરો (સૂરએ બકર આ.૨૬૩,૨૬૪)
દોલત ખર્ચ કરવામાં દેખાડો કરવાથી દુર રહો (સૂરએ અશરીફ સુરએબની ઈસ્સાઈલ ૨૬,૨૭,૨૮)


મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.195

# હાલોલમાં ચાલતી ભૂર્ગભ ગટર યોજના માટે ખોદેલ ખાડામાં માલ ભરેલ ટેમ્પો ફસાયો : ભૂર્ગભ ગટર યોજનાની ધીમી કામગીરીથી લોકો પરેશાન બન્યા

હાલોલ,

હાલોલ નગર ખાતે ચાલતી ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ખોદેલા ખાડામાં સોમવારના રોજ તેલ, અનાજ તેમજ પ્રોવિઝનનો માલ ભરેલ ટેમ્પો જૂની નૂતન હાઈસ્કુલ સામે ફસાઈ ગયો હતો. નગરમાં ચાલી રહેલી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી ગોકળ ગતિએ ચાલતી હોવાથી તેમજ છાશવારે માલસામાન ભરેલા ટેમ્પા ટ્રક ફસાઈ જવાના બનાવો બનતા હોવાને કારણે નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલોલ નગરમાં છેલ્લા બે વર્ષ ઉપરાંતના સમયથી ભૂગર્ભ ગટર યોજના કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. ઊંડા ખાડા ખોદી પાઈપલાઈનનો દબાવ્યા બાદ વ્યવસ્થિત રીતે પૂરણ ન કરાતા નગર ખાતે ઠેર ઠેર વાહનો ફસાવવાના



બનાવો બને છે. જેના કારણે વાહન ચાલકોને મોટા પ્રમાણમાં આર્થિક નુકશાન વેઠવું પડે છે. આ અંગે ઈજારદાર ની લાપરવાહી કહો કે તંત્રની આંખ આડા કાન કરવાની નીતિ સરવાળે છેલ્લા બે વર્ષથી સમગ્ર નગર ના રસ્તાઓ પરથી પસાર થતા વાહન ચાલકો તંત્ર સામે ફિટકાર વર્ષાવી રહ્યા છે. જ્યારે આ અંગે જાણવા મળતી માહિતી મુજબ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરીમાં પાઈપલાઈન નાખ્યા બાદ સમગ્ર નગરના રોડ રસ્તાઓ સોસાયટીના રસ્તાઓના ખાડા ઓ માં માત્ર માટી કે કપચી પાથરી દેવાતા તેમજ માર્ગને યોગ્ય રીપેરીંગ ન કરાતા આનો ભોગ અવારનવાર નાના-મોટા વાહનો સતત બની નુકશાની ભોગવી રહ્યા છે. અવાર નવાર આવા અધૂરાં કરાયેલા કે રીપેરીંગ વિનાના છોડી દેવાયેલા મુખ્ય માર્ગોના ખાડાઓમાં વાહનો ફસાવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. નગરના વડોદરા રોડ પર આવેલ રેકડી નાળાથી જૈન મંદિર તરફ જવાના માર્ગની વચ્ચે આજે વધુ એક માલસામાન ભરેલો ટેમ્પો ભૂગર્ભ ગટર યોજનાના ખાડામાં ફસાઈ ગયો હતો. ખાડામાં એક સાઈડના ટાયરો ઉતરી પડતા ટેમ્પો એક સાઈડ નમી જવા પામ્યો હતો. ટેમ્પામાં ભરેલ માલ સામાન ને અન્ય વાહનમાં પણ પલટાવવાની ફરજ પડી હતી. કલાકોની ભારે જહેમત બાદ ટેમ્પાને ખાડા માંથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ દરમિયાન ટેમ્પાને ભારે નુકશાન સહિત સમયની બરબાદી થતા ટેમ્પા ચાલક સહિત અન્ય વાહનચાલકો અને નગરજનોમાં આ બાબતને લઈને લાગતા વળગતા તંત્ર સામે ભારે રોષ વ્યાપી જવા પામ્યો હતો.

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોધરા દ્વારા ઓરવાડા ખેડૂતહાટ બજારનો શુભારંભ

ગોધરા,

પંચમહાલ જિલ્લા તથા ગોધરા તાલુકાના ખેડૂતોને ખેત ઉત્પન્ન, શાકભાજી, ફલફળદી નાં પોષણક્ષમ ભાવ મળી રહે અને સ્થાનિક ગ્રામજનોને રોજગારી મળી રહે તેવા શુભ હેતુથી સબ યાર્ડ ઓરવાડા ખાતે ખેડૂત હાટ બજાર નો શુભારંભ કરવામાં આવેલ.

બજાર સમિતિના ચેરમેન રાજેન્દ્રસિંહ ચોહાણ, વાઈસ ચેરમેન રમેશભાઈ બારીઆ, જિલ્લા પંચાયતના દંડક એ બી પરમાર, ગુજરાત પ્રદેશ કારોબારી સભ્ય ગોપાલભાઈ પટેલ, ગ્રામપચાયતોનાં સરપંચ પીન્ટુ ભાઈ તાલુકા સંઘના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ દ્વારા દીપ પ્રગટાવી હાટ બજારનો પ્રારંભ કરવામાં આવેલ.



બજાર સમિતિના ચેરમેન ચૌહાણ દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રમોદી સાહેબના સમૃધ્ધ ખેડુત, સશક્ત રાષ્ટ્ર નાં ધ્યેય સાથે તમામ ખેડૂતો આત્મનિર્ભર બને અને સ્થાનિકમાં રોજગારી મળે તેવા પ્રયત્નો બજાર સમિતિ ગોધરા કરી રહેલ છે તેવું જણાવેલ.

બજાર સમિતિ વાઈસ ચેરમેન રમેશભાઈ બારીઆ દ્વારા ખેડૂતો અને વેપારીઓને તમામ સુવિધા હાટ બજાર આપવામાં આવશે અને આગામી સમયમાં જિલ્લાનો સોથી મોટા અને પ્રગતિશીલ ખેડૂત હાટ બજાર બનશે.

ગોપાલભાઈ પટેલ દ્વારા રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે વિવિધ ખેતીવાડીની યોજનાઓ અમલમાં મૂકી ખેડૂતોના વિકાસ માટે પ્રયત્નશીલ રહેલ છે. અને આપણી રાજ્ય સરકાર ખેડૂતોની સરકાર છે. અને સતત ખેડૂતોના વિકાસ અને પ્રગતિશીલ બને તેવા કર્યો કરી રહેલ છે.

જિલ્લા પંચાયત ઓરવાડા સભ્ય અરવિંદસિંહ પરમાર દ્વારા ગોધરા તાલુકાના પૂર્વ વિસ્તારના ખેડૂતોના વિકાસ માટે નવિન માર્કેટ યાર્ડ, હાટ બજાર,નલ સે જલ દ્વારા પીવાના પાણી ની સુવિધા, ઓરવાડા ગામ તળાવ થી સિંચાઈની સુવિધા અનેં તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ મળે તે માટે સતત પ્રત્નશીલ છીએ. અને તેના પરિણામો હાલ ગ્રામજનો જોઈ રહ્યા છે. અને બજાર સમિતિએ ઓરવાડા માર્કેટ યાર્ડ કાર્યરત કરેલ છે. જે બદલ સંસ્થાનો આભાર વ્યક્ત કરેલ.અને તમામ ગ્રામજનોની હાટ બજારથી સુખાકારી વધશે તેવી આશા વ્યક્ત કરેલ.

બજાર સમિતિના સેક્રેટરી પ્રકાશચંદ્ર પટેલ દ્વારા તમામ આમંત્રિત અને હાજર રહેલ ખેડૂતો અને વેપારીઓનો આભાર વ્યક્ત કરેલ.

આ શુભારંભ પ્રસંગે તાલુકા પંચાયત ના સભ્ય ઓ, ગ્રામ પંચાયતના સરપંચ , ડેપ્યુટી સરપંચ , સદસ્યઓ, ખેડૂતભાઈઓ, વેપારીમિત્રો, ગ્રામજનો, જનપ્રતિનિધીઓ, સહકારી આગેવાનોને ઉપસ્થિત રહ્યા હતા.

## વેજલપુર નજીક આવેલા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર ખાતે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત ખેડૂતોને વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું

વેજલપુર,

પંચમહાલ જિલ્લાના વેજલપુર નજીક આવેલા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર ખાતે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત જિલ્લાના આર્થિક રીતે પછાત ખેડૂતોને અંદાજિત ૩૧ લાખના વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું સાથે જ બિલીના પાક વિશે ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

પંચમહાલ જિલ્લાના વેજલપુર નજીક આવેલા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર દ્વારા કેન્દ્ર સરકારની ટ્રાઈબલ સબ પ્લાન અને સિડ્યુલ કાસ્ટ સબ પ્લાન યોજના અંતર્ગત વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના આર્થિક રીતે પછાત અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિના ખેડૂતોને ખેતી માટે ઉપયોગી વિવિધ સાધનો જેવા કે પાણીની ટાંકી, અનાજ સંગ્રહ કરવાની કોઠી, દૂધ ભરવાના કેન જેવા વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ.૩૧ લાખના વિવિધ સાધનોનું કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે ઉપસ્થિત ખેડૂતોના બાગાયત કેન્દ્રના કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા બિલીની ખેતી કરવાના ફાયદા અને તેનાથી કઈ રીતે આર્થિક રીતે સદ્ધર થઈ તે હેતુથી નિદર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું તથા બીલીના સેવનથી થતાં શારીરિક ફાયદા અને બીલીની વિવિધ જાતો વિશે માહિતી આપવામાં આવી હતી.

## ગોધરા બસ સ્ટેશન પાસે ચાલતા જતાં મહિલાના હાથ માંથી બાઈક ઉપર આવેલ બે ઈસમો મોબાઈલ ઝુંટવી ફરાર

ગોધરા,

ગોધરા શહેર બસ સ્ટેન્ડ પાસેથી પસાર થતી મહિલા મોબાઈલ ફોન ઉપર વાત કરતા જઈ રહ્યા હતા. ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે ઈસમો દ્વારા મહિલાના હાથ માંથી મોબાઈલ ફોન ઝુંટવી નાશી જઈ ગુનો કર્યો અંગેની ફરિયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા બસ સ્ટેશન પાસે રોડ ઉપર થી પસાર થતાં આનંદીબેન પ્રભુદાસ પરમાર (ટીમ્બા મુવાળા) મોબાઈલ ફોન ઉપર વાત કરતાં જઈ રહ્યા હતા. દરમિયાન કાળા કલરની પેશન બાઈક ઉપર આવેલ બે ઈસમો એ મહિલાના હાથ માંથી મોબાઈલ ફોન ઓપો કંપની કિંમત ૧૫,૦૦૦/- રૂપીયાનો ઝુંટવીને નાશી છુટીયા હતા. સાંજના પાંચ વાગ્યાના સમયે ભીડભાડવાળા વિસ્તાર માંથી ચાલતા જતા મહિલાના હાથ માંથી મોબાઈલની લુંટ કરવાના બનાવ અંગે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભાગ લીધો




ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના મિકેનિકલ ઈજનેરી વિદ્યાશાખાના ફાયનલ યરના વિદ્યાર્થીઓ અને પ્રો હાર્દિક શુક્લ એ ગત શનિવારે International Conference Catalogue Show On "Life Safety Ventilation" પંડિત દીનદયાલ ઓડિટરિયમ, અમદાવાદ ખાતે ISHRAE અમદાવાદ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં સેપ્ટ યુનિવર્સીટી, અમેરિકન સોસાયટી ફોર હિટિંગ રેફરીજરેટિંગ એન્ડ એરકન્ડશનિંગ, ISHRAEના નિષ્ણાંતો પંકજ ધારકર , અભય પુરાંદરે, સંદીપ ગોયેલ, અનુજા સાવંત, ડો. યશ શુક્લ, કલાયમેન્ટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકારના ટેક્નિકલ એડવાઈઝર શ્વેતલભાઈ શાહ વિગેરેના નિષ્ણાંતોનું વક્તવ્ય અને પેનલ ડિસ્કશન યોજાયેલ હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખુબ જ રસપ્રદ માહિતી મેળવી હતી. મનન પટેલ નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, આ પ્રકારના કાર્યક્રમમાં ભાગ લેવાથી અમને HVAC, FIRE SAFETY વિગેરે ફિલ્ડ મા આધુનિક ટેક્નોલોજીનો ખ્યાલ આવ્યો છે.

## હાલોલ ઉજેતી ગામની પ્રાથમિક શાળાના નવા બંધાયેલા વર્ગખંડોનું સનફાર્માએ લોકાર્પણ કર્યુ

હાલોલ,

સનફાર્મા કંપનીએ હાલોલની આસપાસના ગામોમા કોર્પોરેટ સામાજિક જવાબદારી અંતર્ગત આરોગ્ય લક્ષી તેમજ શિક્ષણ વિભાગ અને ગ્રામીણ વિકાસમા, પાણી અને પર્યાવરણ ક્ષેત્રે વિવિધ વિકાસ કાર્યો કરી રહી છે. સનફાર્મા કંપનીએ જ્ઞાનોદય મોડલ સ્કૂલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ સરકારી શાળાઓના વિકાસ માટે હાલોલ તાલુકામા કાર્યરત છે. ઉજેતી પ્રાથમિક શાળા એ હાલોલ બ્લોકમા સનફાર્મા દ્વારા વિકસિત જ્ઞાનોદય મોડલ સ્કૂલની શ્રેણીની પાચમી શાળા છે. સનફાર્મા એ ઉજેતી ગામમા ત્રણ નવા વર્ગખંડો બાધ્યા છે. અગાઉ વિદ્યાર્થીઓ



વિસ વર્ષ જુના સિન્ટેક્સ વર્ગ ખંડમા બેસતા હતા જ્યા બેસવાની સ્થિતી સારી ન હતી અને નવા વર્ગ ખંડો સાથે સનફાર્મા એ ડીજીટલ કલાસરૂમ, પ્રજ્ઞા કલાસરૂમ, છોકરીઓ માટે ટોયલેટ બ્લોક, અને જુના કલાસરૂમનું વોટર પ્રુફીંગ અને ફલોરીંગ પેવરબ્લોક ફીટીંગ અને બગીચાનો વિકાસ કરી સાથે સ્કૂલ કલર કામ જેવી અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. નવા વર્ગ ખંડો અને શાળાનું ઉદઘાટન સનફાર્માના સી.એસ.આર. હેડ ડો.અઝદર ખાન દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમા સનફાર્માના અન્ય અધિકારીઓ સ્ટાફ વિરાંગ શાહ, પ્રદિપ્તા સ્વૈન, બ્રજેશ ચૌધરી, ભદ્રેશભાઈ પટેલ, તથા લક્ષ્મણ ભાઈ ગોહલેત, મયંકભાઈ ભગત અને પ્રતિક ભાઈ પંડ્યા એ હાજરી આપી હતી. તેમજ બિટ કેળવણી નિરીક્ષણઓ નજીકની શાળાઓના આચાર્યઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ આ કાર્યક્રમમા ગામના સરપંચ અને ગામના અન્ય આગેવાનો તેમજ શાળાના આચાર્ય શિક્ષકો અને કર્મચારીઓ એ હાજરી આપી હતી.

## પંચમહાલના ગોધરા અને હાલોલમાં ફરક આંકનો જુગાર રમાડતા બે ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરાના મેડ સર્કલ ઉપર તેમજ હાલોલ-પાવાગઢ રોડ ઉપર ફરક આંકનો જુગાર રમાડતા સ્થળોએ પોલીસે રેઈડ કરી બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા મેડ સર્કલ પાસે ચાની લારીની બાજુમાં ખુલ્લી જગ્યામાં ફરક આંક વરલી મટકાના આંકડાનો જુગાર રમાડતા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી એહમદ ઈબ્રાહીમ ભમેડીને ૮૭૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યો.

જયારે હાલોલના પાવાગઢ રોડ ઉપર ગોપાલ ચાની કીટલીની બાજુમાં ખુલ્લી જગ્યામાં વરલી મટકાના ફરક આંકનો જુગાર રમાડતા હોય તે સ્થળે હાલોલ પોલીસે રેઈડ કરી ગોપાલભાઈ ગોરધનભાઈ દરજીને જુગાર રમવાના સાધનો અને ૫૪૦/-રૂપીયા રોકડ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

## શહેરા ગમન બારીયાના મુવાડાના ઈસમની તડીપારની સુનાવણી ૫ મેના રોજ કરાશે


શહેરા,

શહેરા તાલુકાના ગમન બારીયાના મુવાડામાં જોગીરાજ ગોકળભાઈ ગઢવી પોતાના પરિવાર સાથે રહે છે છેલ્લા કેટલાક વર્ષોથી શહેરા તાલુકામાં તેઓ દ્વારા કાયદો અને વ્યવસ્થા જોખમાય અને કોમી પ્રત્યાઘાત પડે એ પ્રકારના ઝઘડા અને ઝનુની માથાભારે ઈસમ તથા જીવલેણ હથિયાર રાખી લોકોને શારીરિક ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપતા વર્ષ-૨૦૧૯માં પણ તેઓ વિરુદ્ધ તેઓને હદ પાર કરાયા હતા. ત્યારબાદ પણ તેઓ દ્વારા પ્રવૃત્તિ સતત ચાલુ રાખવામાં આવી હતી. જેથી તેઓને પંચમહાલ, મહિસાગર, છોટાઉદેપુર, દાહોદ, ખેડા, વડોદરા તેમજ વડોદરા ગ્રામ્ય જિલ્લાના વિસ્તારમાંથી તડીપાર કેમ ન કરવા તે બાબતે ૨૯ માર્ચના રોજ તેઓને નોટિસ આપવામાં આવી હતી. અને તેની સુનાવણી ૧૧ એપ્રિલના રોજ પ્રાંત કચેરી શહેરા ખાતે રાખવામાં આવી હતી. જોગીરાજ ગઢવીના બચાવપક્ષના વકીલ અનુપસિંહ સોલંકી દ્વારા પ્રાંત અધિકારી સમક્ષ ધારદાર રજુઆત કરવામાં આવી હતી. અને તેઓની રજુઆત સાંભળ્યા બાદ પ્રાંત અધિકારી આર.જે. ચૌધરી દ્વારા તા.૫મેના રોજ વધુ સુનાવણીની મુદ્દત અપાઈ હતી.

## દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં વધુ સફળ ઓપરેશન

દાહોદ,

દર્દીને ઘુંટણના દુખાવાની તકલીફ અને ચાલતા ચાલતા પગ ફરી જાય છે અથવા પડી જવાઈ છે. તેવું લાગતા તે દર્દીએ દાહોદમાં ૨-૩ જગ્યાએ ડોક્ટરને બતાવ્યું પરંતુ ત્યાં ક્મસે ક્મ ૧.૫ લાખ થી ૨ લાખનો ખર્ચો જનાતા અત્રેની ઝાયડસ હોસ્પિટલમાં ઓર્થોપેડીક ડિપાર્ટમેન્ટમાં બતાવ્યું એન્ડ તારીખઃ- ૩૦/૩/૨૦૨૨ ના રોજ દાખલ કરવામાં આવ્યું અને ડોક્ટર એ ઓપરેશન કરવાની સલાહ આપી અને પછી



X-Ray કરાવ્યું અને MRI ઘુંટણનો કરાવતા તકલીફ વધુ જણાતા ૪-૪-૨૦૨૨ ના રોજ દૂરબીનના મદદ થી નવો સ્નાયુ નાખી સફળ ઓપરેશન કરવામાં આવ્યું. આ ઓપરેશન આયુષ્માન ભારત પ્રધામંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આ ઓપરેશન દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મફત કરવામાં આવ્યું અને તારીખ ૮-૪-૨૦૨૨ ના રોજ દર્દી ને રજા આપવામાં આવી અને તે દર્દી એ દાહોદની ઝાયડસ હોસ્પિટલનો આભાર વ્યક્ત કર્યો. આ ઓપરેશન ડો.નિલય કુમાર અને તેમની ટીમ તથા અને એસ્થેતિક ડો.આનંદ દરજીની ટીમ થી દર્દીનુંસફળ ઓપરેશન કરવામાં આવ્યું.

## દાહોદમાં આગામી તા. ૧૪ એપ્રીલે મહેસુલી મેળો યોજાશે

દાહોદ,

રાજયના નાગરિકોને મહેસુલી સેવાઓના લાભો ઘર આંગણે સત્વરે મળી રહે તેમજ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થાય તે માટે મહેસૂલ વિભાગે નવતર અભિગમ હાથ ધર્યો છે. જેના ભાગરૂપે રાજયભરમાં જિલ્લા મથકોએ મહેસૂલ મેળા યોજાઇ રહ્યાં છે ત્યારે આગામી તા. ૧૪ એપ્રીલે, ગુરૂવારે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દાહોદ નગરના પંડિત દીનદયાળ સભાગૃહ ખાતે ઉપસ્થિત રહેશે અને સ્થળ પર સુનાવણી કરશે. દાહોદ નગરમાં ઉક્ત સ્થળે મહેસુલી મેળો બપોરે ૧૨ વાગેથી ૪ વાગ્યા સુધી યોજાશે. જિલ્લાના કલેક્ટર ડો.હર્ષિત ગોસાવી સહિતના અધિકારીઓ પણ આ મહેસુલી મેળામાં ઉપસ્થિત રહેશે. જિલ્લાના નાગરિકો પોતાના મહેસુલી પ્રશ્નો કલેક્ટર કચેરીની વહીવટી શાખામાં આપી શકશે. આ પ્રશ્નોનો નિકાલ મહેસુલી મેળામાં કરવામાં આવશે.